# દિવ્યેશભાઈ અકબરીની સ્પીચ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહમાં મને સન 2024-25ના વર્ષના અનુદાનો માટેની માંગણીઓ પરની ચર્ચામાં બોલવાની તક મળી ત્યારે ઉદ્યોગ વિષય પરની ચર્ચામાં ભાગ લેતા મારે કહેવું છે કે ઉદ્યોગો જ કોઇપણ દેશના વિકાસનું પ્રતિબિંબ પાડતા હોય છે. દેશની આર્થિક શક્તિ એ દેશમાં કેટલાં અને કેવા ઉદ્યોગો વિકસ્યા છે, એના પર નિર્ભર કરતી હોય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મને કહેતા ગર્વ થાય છે કે દેશનું શાસન જ્યારથી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના મજબૂત હાથમાં આવ્યું છે, ત્યારથી દેશ વિકાસની કેડીને રાજમાર્ગમાં પરિવર્તિત કરવા શક્તિમાન બન્યો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતમાં પણ ઉદ્યોગોને વિકસવા માટે ખૂબ જ અનુકૂળ માહોલ ઊભો કરી આપણાં મક્કમ અને નિર્ણાયક મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબે ઉદ્યોગ પ્રવૃત્તિને પ્રોત્સાહન પૂરું પાડ્યું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

"સેન્ટર ઓફ એકસિલન્સ યોજના"હેઠળ રાજયના યુવાનોની કાર્યક્ષમતાનો પૂરો ઉપયોગ કરી શકાય, એ માટે ખાનગી ધંધાકીય તથા શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાણ કરવા અને ઇનોવેશન સેન્ટર શરૂ કરવા સરકારે બજેટમાં જોગવાઈ કરી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકારના નિગમ "ગુજરાત મિનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન" દ્વારા અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના દેવધોલેરા ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થા ઊભી કરેલ છે. જેના થકી નાણાકીય મદદ અને સંસ્થાના રોજબરોજના ખર્ચ માટે આ વર્ષના બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માંદા એકમોના પુનર્વસન માટે આઇ. એન. ડી -6 યોજના હેઠળ આવા એકમોને રાજ્ય સરકાર દ્વારા રાહત અને છૂટછાટ માટેની યોજના જાહેર કરવામાં આવેલ છે. જેથી આવા એકમો પુનઃ બેઠાં થઈ શકે.

**માનનીય અધ્યક્ષશ્રી**

મીઠાં ઉદ્યોગના વિકાસ માટે અગરિયાઓની કલ્યાણકારી યોજનાઓ અમલમાં છે. મીઠાં ઉદ્યોગને સાંકળતા રસ્તાઓ માટેની યોજના, પીવાના પાણીની યોજના, અગરિયાઓના કુટુંબ માટે આરોગ્યની યોજના, કુદરતી આફતો સમયે ચેતવણી અને અદ્યતન સાધનો ખરીદવાની યોજના, શાળાના ઓરડા બાંધવા, અગરિયાઓને સામૂહિક કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવો, એમને સાઇકલ આપવી, અસંગઠિત મીઠાં કામદારોને કુટુંબ કાર્ડ અપવાની યોજના જેવી યોજનાઓ માટે ગયા વર્ષના બજેટમાં 1100 લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

જેમાંથી ડિસેમ્બર અંત સુધીમાં  રૂપિયા 825 લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત ઇન્સ્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ અંતર્ગત પી. એમ. ગતિશક્તિ ગુજરાત માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેના થકી રોજગારીની વિશાળ તકો ઊભી થશે. આ યોજનાથી વ્યવસાયકારોને વ્યવસાય કરવામાં સરળતા રહેશે અને લોજિસ્ટીક ખર્ચમાં ઘટાડો થશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

BISAG - N દ્વારા હિતધારકો માટે 84 પોર્ટલ વિકસાવવામાં આવ્યાં છે. PM ગતિશક્તિ ગુજરાત સાથે સંકલિત પોર્ટલ દ્વારા આજ સુધીમાં 980 થી વધું અરજીઓ મળેલ છે, જે મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત સરકાર આર્થિક આયોજન અને શાસનમાં નવિન સાધનોનનો વધું અસરકારક ઉપયોગ કરવા મક્કમ છે. આથી સરકારે બજેટમાં નવી બાબત તરીકે રૂપિયા 500 લાખની જોગવાઈ પણ કરવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજયના 1 મુખ્ય અને 48 નાના બંદરો સાથે ગુજરાતે 554 મિલિયન મેટ્રિક ટનથી વધું કાર્ગોનું સંચાલન કર્યું છે. જે દેશના 40 ટકા કાર્ગો વહન જેટલું થાય છે. આજે ગુજરાતમાં દિલ્હી મુંબઈ કોરિડોર, ધોલેરા સર જેવા કેટલાંક ગેમ ચેંજર પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે, જેનાથી આગામી દિવસોમાં રાજ્યની અને દેશની વિકાયાત્રાનો નવો યુગ શરૂ થનાર છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ દ્વારા અનેક પ્રોજેક્ટો ચલાવવામાં આવી રહ્યા છે. જેનાથી હાથશાળ અને હસ્તકલા ક્ષેત્ર સાથે સંકળાયેલા અનેક કારીગરોને સીધો લાભ મળી રહ્યો છે. આવા કારીગરો દ્વારા ઉત્પાદિત માલની ખરીદી કરી નિગમના 21 ગરવી ગુર્જર એમ્પોરિયમ પરથી અને ઓનલાઈન વેચાણ કરવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગયા વર્ષે 4668 લાખની જોગવાઈ સામે ડિસેમ્બર અંત સુધીમાં રૂપિયા 2503 લાખનો ખર્ચ કરવામાં આવેલ અને 12298 લાભાર્થીઓના લક્ષ્યાંક સામે 8218 લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત આજે નાના મોટાં અનેક ઉદ્યોગોથી ધમધમે છે. ઔદ્યોગિક નીતિ -2009 અંતર્ગત ગુજરાત રાજ્ય સમગ્ર વિશ્વનું રોકાણ માટેનું કેન્દ્ર બનીને ઊભરી રહ્યું છે. મેગા ઇનોવેટિવ પ્રોજેકટ સહાય યોજના થકી રાજ્યમાં અંદાજિત 38249 કરોડ જેટલું મૂડીરોકાણ આવ્યું છે અને આ યોજના હેઠળ રૂપિયા 3040 કરોડ જેટલી સહાય ચૂકવવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્યના દરેક વિસ્તારોમાં ઉદ્યોગો વિકસી રહ્યા છે. જામનગરની વાત કરું તો ત્યાં બ્રાસ ઉદ્યોગનો વિકાસ થયો છે. વિશ્વની સૌથી મોટી ઓઇલ રિફાઇનરી પણ મારા જામનગરમાં ધમધમી રહી છે તથા દરિયા કિનારે સિમેન્ટ અને મીઠા ઉદ્યોગ પણ કાર્યરત છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મોરબીમાં સિરામિક ઉદ્યોગ, તથા ચાઈનામાં ઉત્પાદન થતા અલગ અલગ ઉદ્યોગો આજે મોરબીમાં તેના પ્લાન્ટ આવી રહ્યા છે દા.ત. રમકડા ઉદ્યોગ રાજકોટમાં બેરિંગ ઉદ્યોગ, સુરતમાં હિરા અને સાડી ઉદ્યોગ, સાણંદ અને વિરમગામમાં મોટર ઉત્પાદન ઉદ્યોગ જેવા અનેક ઉદ્યોગો વિકસી રહ્યાં છે. કચ્છની વાત કરીએ તો ૨૦૦૧ના ભૂકંપ પછી અહીં બહુ મોટા ઉદ્યોગો થકી કચ્છનો પણ વિકાસ થઇ રહ્યો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આમ રાજ્યમાં દરેક વિસ્તારોમાં અલગ અલગ ઉદ્યોગો વિકાસની હરણફાળ ભરી રહ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

એક સમયે જ્યાં ટાંકણી પણ નહોતી બનતી ત્યાં હવે વિમાનો, ઈલેક્ટ્રીક ગાડીઓ અને સેમિકન્ડક્ટર ઉદ્યોગના વિકાસની ઊજળી તકો નિર્માણ પામી છે. સુરતમાં વિશ્વનું સૌથી મોટું ડાયમંડ બુર્સ આકાર પામ્યું છે. ગાંધીનગરમાં ગિફ્ટ સિટીનું નિર્માણ થઈ રહ્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આમ, ગુજરાત અનેક ઉદ્યોગો થકી અપ્રતિમ વિકાસ કરી દેશભરમાં પ્રથમ  સ્થાન ભોગવી રહ્યું છે. સરકારની નીતિ અને ઉદ્યોગો માટે અનુકૂળ વાતાવરણથી ગુજરાતમાં રોકાણકારો પણ આકર્ષાઈ રહ્યા છે. જે માટે હું સરકારની ઉદ્યોગનીતિ અને સહાય યોજનાઓ માટે ઉદાર વલણને તથા અનુદાન જોગવાઈઓને મારું સમર્થન આપું છું.

**ધન્યવાદ.. જય.. જય ગરવી ગુજરાત**